# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: નેહલ ઠક્કર

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

**તારીખ : ૦૭-૧૧-૨૦૨૪ ગુરુવાર           સમય : સવારે ૬:૪૫ કલાકે**

---

## પીએમ વિદ્યાલક્ષ્મી યોજના:

કેન્દ્રીય મંત્રીમંડળે તેજસ્વી વિદ્યાર્થીઓને નાણાકીય સહાય પૂરી પાડવા માટે પીએમ વિદ્યાલક્ષ્મી યોજનાને મંજૂરી આપી દીધી છે. મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલા નિર્ણય અંગે કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે , 'વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે કોઈ પણ પ્રકારની જામીનગીરી વિના ધિરાણ મેળવવા માટે પાત્ર બનશે.'

આ યોજના મુજબ, સાડા સાત લાખ રૂપિયા સુધીના ધિરાણની રકમને સરકાર દ્વારા 75 ટકા ગેરંટી આપવામાં આવશે , જેથી બેંકોને કવરેજ વધારવામાં મદદ મળે. આઠ લાખ રૂપિયા સુધીની વાર્ષિક કૌટુંબિક આવક ધરાવતા વિદ્યાર્થીઓ માટે દેવા મોકૂફીની મુદતના સમયગાળા દરમિયાન 10 લાખ રૂપિયા સુધીના ધિરાણ માટે ત્રણ ટકા વ્યાજ આર્થિક સહાય પણ અપાશે. આ યોજનાથી સાત લાખ વિદ્યાર્થીઓને લાભ થવાની આશા છે. તેમજ યોજનાનો લાભ મેળવવા માટે વિદ્યાર્થીઓ એજ્યુકેશન લોન માટે યુનિફાઇડ પોર્ટલ પીએમ વિદ્યાલક્ષ્મી પર અરજી કરી શકે છે.

- (RNU અમદાવાદ)

---

## રાષ્ટ્રપતિ-છઠ પૂજા શુભેચ્છા:

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ છઠપૂજા મહોત્સવ નિમિત્તે લોકોને શુભેચ્છા પાઠવી છે. એક સંદેશમાં રાષ્ટ્રપતિએ કહ્યુંકે, 'સૂર્યનું પૂજન કરવાનો આ છઠ પૂજામહોત્સવ એ દેશના સૌથી જૂના તહેવારોમાંનો એક તહેવાર છે.'

રાષ્ટ્રપતિશ્રીએ ઉમેર્યું કે, આ તહેવાર નદીઓ અને તળાવોનું સન્માન કરે છે, કુદરતની અનોખી ભેટ આપે છે અને સખત ઉપવાસ દ્વારા મન અને આત્માને પણ શુદ્ધ કરે છે. સુશ્રી મુર્મૂએ કહ્યું કે, આ તહેવાર લોકોને પર્યાવરણની સુરક્ષા માટે પ્રેરિત કરે છે.

- (RNU અમદાવાદ)

---

## નીતિ આયોગ-જળ ઉત્સવ:

નીતિ આયોગે જળ વ્યવસ્થાપન,સંરક્ષણ અને ટકાઉ પ્રાપ્યતા સુનિશ્ચિત કરવા અંગે જાગૃતિ વધારવા માટે ગઈકાલથી 15 દિવસના જળ ઉત્સવનો પ્રારંભ કર્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગત વર્ષે ડિસેમ્બર મહિનામાં યોજાયેલા મુખ્ય સચિવોના સંમેલન દરમિયાન નદી ઉત્સવને ધ્યાનમાં રાખી જળઉત્સવ મનાવવાનો વિચાર રજૂ કર્યો હતો.

નીતિ આયોગે જણાવ્યું કે, જળ ઉત્સવ 24 નવેમ્બર સુધી 20 મહત્વાકાંક્ષી જિલ્લાઓ અને વહીવટી એકમોમાં મનાવવામાં આવી રહ્યો છે. તેનું આયોજન જળશક્તિ મંત્રાલયના રાષ્ટ્રીય જળજીવન અભિયાન, પીવાના પાણી અને સ્વચ્છતા વિભાગ દ્વારા કરાયું છે.

- (RNU અમદાવાદ)

---

## ગાંધીનગર-ગૃહ વિભાગ બેઠક:

રાજ્યના ગૃહવિભાગની આજે ઉચ્ચસ્તરીય બેઠક ગાંધીનગર ખાતે યોજાઇ હતી. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં મહત્વપૂર્ણ નિર્ણયો લેવા અંગેની વિસ્તૃત ચર્ચા થઇ હતી.. ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી, રાજ્ય પોલીસ વડા તથા મુખ્ય સચિવ સહીત અધિકારીઓ સાથેની આ બેઠકમાં રાજ્યમાં પોલીસ વિભાગમાં નવા એસડીપીઓ મથકો, હયાત જગ્યાઓ બાબતે સમીક્ષા કરવામા આવી હતી...

- (RNU અમદાવાદ)

---

## વાવ વિધાનસભા પેટાચૂંટણી-પ્રચાર:

બનાસકાંઠાના વાવ વિધાનસભા પેટા ચૂંટણીનો પ્રચાર પ્રસાર વેગવંતો બન્યો છે.. વાવની પેટા ચૂંટણીમાં ભાજપ કોંગ્રેસ સહિત અપક્ષ ઉમેદવારો ગામડે ગામડે મતદારોને રિઝવવા માટે બેઠકો કરી રહ્યા છે. વાવ વિધાનસભામાં ત્રીપાખીઓ જંગ જામ્યો છે. જેમાં અપક્ષ ઉમેદવાર સહીતના ઉમેદવારો મતદારોને આકર્ષવા માટે સભાઓ કરી રહ્યા છે.

- (RNU અમદાવાદ)

---

## રાજ્ય-દિવાળીની એસટી ને આવક:

રાજ્યમાં દિવાળીના તહેવારો દરમિયાન એસ.ટી વિભાગ ને 16 કરોડથી વધુની આવક થઇ છે. એસ.ટી. વિભાગે એક અઠવાડિયામાં ૬ હજાર ૬૧૭ વધારાની બસો દોડાવી હતી, જેને પગલે કરોડોની આવક થઇ છે. એક સપ્તાહમાં ૭ લાખથી વધુ ટિકિટો નું બુકીંગ કરવામાં

આવ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર ચોથી નવેમ્બરે એક જ દિવસમાં પોણા બે લાખથી વધુ સીટોનું બુકિંગ થયું હતું. તો સવા ત્રણ કરોડની આવક સાથે એડવાન્સ બુકિંગનો રેકોર્ડ પણ એસ.ટી.વિભાગે નોંધાવ્યો છે.

દિવાળીનો તહેવાર નાગરીકો પોતાના વતનમાં જઈને જ ઉજવે છે તેવી એક પરંપરા રહી છે. આ તહેવારોને ધ્યાને લઈને લોકોને યોગ્ય અને પુરતી સુવિધા મળી રહે તે માટે એસ.ટી નિગમે તમામ વ્યવસ્થા કરી હતી

- (RNU અમદાવાદ)

---

## ભદ્રેશ્વર-બળ નાટ્ય સ્પર્ધામાં એવોર્ડ:

રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ ગાંધીનગર દ્વારા આયોજિત રાજ્ય કક્ષાની બાળ નાટય સ્પર્ધામાં યુસુફ મહેરઅલી સેન્ટર ભદ્રેશ્વર સાગર શાળાના "સભી કો બંધુ માને હમ" ને બાળ નાટક, દિગ્દર્શન, ઉત્કૃષ્ટ કુમાર કલાકાર, ઉત્કૃષ્ટ કુમારિકા કલાકાર મળીને પ્રથમ ક્રમાંકના ચાર એવોર્ડ પ્રાપ્ત થયા છે.

વર્ષ 2006થી સાગર શાળાના વિદ્યાર્થી રાજ્ય સ્તરીય સ્પર્ધામાં ભાગ લે છે અને 13માંથી એકવાર તૃતીય, ચારવાર દ્વિતીય અને આઠવાર પ્રથમ ક્રમાંક મેળવ્યો છે.

- (NP,નેહલ ઠક્કર)

---

## હવામાન:

જીલ્લામાં છેલ્લા કેટલાક દિવસથી વાતાવરણીય વિષમતા અનુભવાઇ રહી છે. વિષમ વાતાવરણે રીતરસનું આધિપત્ય જમાવ્યું હોય તેમ દિવસે આકરાં તાપ અને વહેલી પરોઢના સમયે સામાન્ય ઠંડકવાળા માહોલમાં લોકો અકળામણ અનુભવી રહ્યા છે. મહત્તમ અને લઘુતમ તાપમાનમાં 14 ડિગ્રીના મોટા તફાવતના લીધે ઠંડીની ચમક પોતાની પકડ જમાવી શકતી નથી.

ભુજમાં 37.3 ડીગ્રી, નલિયામાં 35.4, કંડલા પોર્ટમાં 37 અને કંડલા એરપોર્ટ માં 36 ડિગ્રી મહત્તમ સામે લઘુતમ પારો ચારેય મથકમાં 20થી 25 ડિગ્રી વચ્ચે નોંધાયો હતો.

હવામાન વિભાગે આગામી સપ્તાહ દરમ્યાન વાતાવરણમાં કોઇ મોટો ફેરફાર થાય તેવી સંભાવનાને નકારી છે.

- (NP,નેહલ ઠક્કર)

---